# ગુજરાતી સમાજ ન્યુઝીલેન્ડ ઇન્કોર્પોરેટેડ
# Gujarati Samaj New Zealand Inc.

## News Letter

**Registration No. 2569060     Established Date 19-05-2012**

**Newsletter No. - 14     Date : 04-06-2022**

ગુજરાતી સમાજના આદરણીય સદસ્યો,

આપણી સંસ્થા, ગુજરાતી સમાજ ન્યુઝીલેન્ડ (ઇન્કો) દસ વરસ પૂરા કરી અગિયારમાં વરસમાં કદમ માંડી રહી છે. અમે અત્યાર સુધી જે કાર્ય સંપન્ન કર્યું છે તે તમારા પ્રેમ અને વિશ્વાસનું પરિણામ છે. સમાજની પ્રગતીમાં તમે સૌએ નિષ્ઠાપૂર્વક સાથ, સહકાર અને પ્રેમ આપ્યો તે બદલ અમે એકઝીક્યુટીવ કમિટિના સૌ સભ્યો આભાર વ્યક્ત કરીએ છે.

-એકઝીક્યુટીવ કમિટિ

### પ્રમુખ શ્રી નું નિવેદન




આદરણીય મેમ્બર્સ સાદર પ્રણામ

" કિરણ ચાહે સૂર્ય નું હોય કે આશાનું, જયારે પણ નીકળે છે બધા અંધકારોને મિટાવી દે છે ."

મે ૨૦૧૨ માં કેટલાક સ્વપ્નદ્રસ્ટા સભ્યોને એક વિચાર આવ્યો, ચર્ચા ને અંતે એક આશા નું કિરણ દેખાયું, "આપણો પણ ગુજરાતી સમાજ હોવો જોઇએ", જેનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતી સંસ્કૃતિ અને ગુજરાતી ભાષાને જીવંત રાખવા. ઓકલેન્ડ ખાતે ગુજરાતી સમાજ ની સ્થાપના થઇ અનેઆજે જોતજોતામાં સંસ્થા ૧૦ વર્ષ પૂર્ણ કરીઉત્તરોત્તર પ્રગતિ ના પંથ પર આગળ વધી રહેલ છે ત્યારે હું અત્યંત હર્ષની સાથે સાથે ગર્વની લાગણી અનુભવું છું.

આપણા સૌના અથાગ પ્રયત્નોનું જ પરિણામ છે કે આજે ગુજરાતી સમાજ ની એક આગવી ઓળખ છે. વિવિધ પ્રોગ્રામ, પ્રવૃત્તિ અને આર્થિક સદ્ધરતા એ આપણા જમા પાસા છે.

મિત્રો, કમિટી ના ગત બે વર્ષની વાત કરીએ તો આપની પસંદ નાપસંદ નું ધ્યાન રાખી ઘણાં સારા પ્રોગ્રામ/પ્રવૃત્તિ કરેલ છે. જોકે કેટલોક સમય કોવીડ ની મહામારી ને કારણે વેડફાઇ ગયો. પરંતુ "કોશિશ કરને વાલો કી કભી હાર નહિ હોતી". આપણે સૌ આ વિકટ પરિસ્થિતિ માંથી બહાર આવવા માં સફળ થયા છીએ.

આપણા બે વર્ષ ના કાર્યકાળ દરમાન્ય આપણે કેટલાક મેમ્બર્સ ગુમાવેલ છે જે દુઃખદાયક છે પરંતુ આ કપરા સંજોગોમાં આપણે સૌ પરિવાર સાથે ઉભા રહી તેઓને હૂંફ પુરી પાડેલ છે જે આપણા સૌની આત્મીયતાનું ઉમદા પાસું છે.

"પરિવાર જેવી દવા અને મિત્ર જેવી રોગપ્રતિકારક શક્તિ હોય ને તો કોઈ દિવસ કાંઇ નો થાય "...કેમ ખરું ને!

ગત બે વર્ષ દરમાન્ય મનોરંજન, કિચન, પિકનિક, ઈવેન્ટ્સ, હોલ મેનેજમેન્ટ, ફાઇનાન્સ વગેરે તમામ કમિટી એ પોતપોતાના કાર્યમાં ભારે જેહમત ઉઠાવેલ છે તેમજ સુંદર કામગીરી દ્વારા મેમ્બર સભ્યોને આનંદપ્રમોદ કરાવેલ છે જે બદલ વિવિધ કમિટી સભ્યો, સબ કમિટી, વોલેન્ટર્સ નો ખુબ ખુબ આભાર. અમારી ટર્મ દરમાન્ય જેબહેનો એ દર મહિને મિટિંગ તેમજ પિકનિક માટે મીઠાઇ તૈયાર કરી આપી સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે તે બદલ તેઓનો ઉપરાંત મીઠાઈ માટે ના તમામ સ્પોન્સોર મેમ્બર્સ નો પણ ખુબ ખુબ આભાર. અને અંતમાં મેમ્બર્સ કે જેઓએ સંસ્થાને દાન આપેલ છે તેઓને કેમ ભુલાય!

"વિચાર અને વ્યવહાર આપણા બગીચા ના એ ફૂલ છે, જે આપણા આખા વ્યક્તિત્વ ને મહેકાવી દે છે

મિત્રો, "સંગઠનમાં જ શક્તિ છે " જેને આપ સૌ સભ્યોએ સમયેસમયે યથાર્થ કરી બતાવેલ છે. આવશ્યક સંજોગોમાં અને નાજુક પરિસ્થિતિમાં આપ મેમ્બર્સના સમજદારી પૂર્વકના નિર્ણયે સંસ્થાને મજબૂતી પ્રદાન કરેલ છે. આવો, "જ્યાં પૂર્વના વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" ની ભાવના સાથે ગુજરાતી સમાજ ને વૃક્ષમાંથી વટવૃક્ષ બનાવીએ અને શીતળતાનો આનંદ માણીએ.

કોવિડ મહામારી ને કારણે ઘણો સમય બરબાદ થયો પરંતુ શક્ય સેવા પ્રદાન કરેલ છે આમ છતાં અમારાથી આપની સેવામાં કોઇ કસર રહી ગઇ હોય તો ક્ષમ્ય કરશો.

આપનો સહૃદયી
કિરીટ ઠાકર
પ્રમુખ




આપાત્કાલિન અને સેફટી રૂલ્સ જણાવતા જોઈન્ટ સેક્રેટરી શ્રી કિશોરભાઇ મહેતા.

## સેક્રેટરીનું નિવેદન



ગુજરાતી સમાજના સન્માનનીય સૌ સભ્યો,

છેલ્લા અઢી વરસથી સમગ્ર માનવજાત કોરોનાના કહેર વચ્ચે ઊચાટ અને ઉદ્વેગમાં અટવાયેલ છે. આપણે સૌ, આપણા સાથે સલામત છીએ તે ઈશ્વરકૃપા. સૌને હુંફ, હિંમત અનેસધિયારાની જરૂર છે. આપણે સૌને એટલું આપશું તો માનવજાતની મોટી સેવા કરશું.

હિરણ્યકશ્યપ જેવો થઈ ગયો છે. . . આ કોરોના વાયરસ.
"ન તો પાણીમાં મરું ,  ન જમીનમાં મરું        ન તો આકાશમાં મરું , ન નરકમાં મરું
ન તો અંદર મરું  ન બહાર મરું        ન તો માણસ થી મરું કે ન પ્રાણીથી મરું
ન તો હું રાક્ષસોથી ,ન દેવતાઓથી મરીશ        ન તો દિવસે મરીશ કે ના રાતે મરીશ
ન તો હું શસ્ત્રોથી,ન શાસ્ત્રોથી મરીશ,મરીશ તો માત્ર માસ્ક અને સામાજિક અંતરથી જ.."
બસ આટલું ગોખી લેજો. સૌની કુશળતા ઇચ્છું છું.

ગોવર્ધનધારીને કહેણ -

આજે જીવન બધે સુમસામ પડયું છે. આશાઓનાં કાને તારું નામ પડયું છે.
જ્ઞાન, વિજ્ઞાન અફળ તમામ પડયું છે. મંઝીલ બધી નિર્જીવ પડી છે.
સડકો સઘળી વિરાન પડી છે. સાંભળ આ સંકટની ઘડી છે.
વગાડ, મીઠી તારી વાંસળી છે. અણધાર્યું આંગણે અંજામ પડયું છે.
શું અંત છે આ, કે કોઈ શરૂઆત થવાની?? દિવસ પુર્ણ થયો પરાણે, શું રાત જવાની?
મનસૂબા, સપના, ઘણી વાત કહેવાની, અધૂરી છે હજી ઘણી મુલાકાત થવાની.
મહાભારતનું *મહામારી* નામ પડયું છે.

(-અજ્ઞાત)

જ્યારે પણ કુદરતી આફત હોય ત્યારે ગુજરાતીઓ હંમેશ ઉદારતાથી ફાળો કરતા હોય છે. તેવીજ રીતે કોરોનાના કહેર વચ્ચે પણ ફાળાની સરવણી વહાવી સભ્યોએ ઉદાર હાથે દાન કર્યું. આપણા સમાજના સભ્યો વતી ભારતમાં પીએમ કેર ફંડમાં તથા ભારતિય દૂતાવાસને ઑક્સિજન કોન્સન્ટ્રેટર ખરીદ કરી ભારત મોકલવામાં ફાળો આપ્યો. સભ્યોનો દીલથી આભાર!

જોતજોતામાં આ કમિટિનો બે વરસનો કાર્યકાળ પૂર્ણતાને આરે છે. બસ, ખુબજ આનંદ સાથે આપને હ્રદયપૂર્વક નમસ્કાર. તમે મારામાં વિશ્વાસ મૂક્યો તેમાં હું કેટલો સફળ થયો તેના લેખાજોખા કરવા તમને સોપું છું. મારા બનતા સઘળા પ્રયત્નો કર્યા છે. વધું કાંઈ કહેવું નથી.

ડૉ. નિમિત્ત ઓઝા નો લેખ સાભાર ટાંકી મારી વાત પૂરી કરૂ છું.

રામકૃષ્ણ પરમહંસને મળવા માટે, હિમાલયમાંથી એક યોગી પધાર્યા. એ યોગીએ વર્ષો સુધી હિમાલયમાં સાધના કરેલી. તેમણે રામકૃષ્ણ વિશે ઘણું બધું સાંભળ્યું હતું, માટે તેઓ રામકૃષ્ણની મુલાકાતે પહોંચે ગયા. યોગી પધાર્યા ત્યારે રામકૃષ્ણ આરામથી એક વૃક્ષ નીચે બેઠા હતા. કોલકતામાં જ્યાં તેમનું ઘર હતું, તેની બાજુમાંથી ગંગા નદી વહી રહી હતી. રામકૃષ્ણને જોઈને, યોગીને આશ્ચર્ય થયું. તેમણે તો એવું સાંભળેલું કે રામકૃષ્ણ બહુ મહાન માણસ છે, પણ આ શું? તેમની સામે બેઠેલો માણસ તો સાવ સામાન્ય, અભણ અને ગામડિયો લાગતો હતો.

હિમાલયમાં વર્ષોથી યોગ સાધના કરી રહેલા પેલા યોગીએ કહ્યું, ‘હું ખૂબ દૂરથી તમને મળવા આવ્યો છું. પણ તમને મળ્યા પછી, થોડો નિરાશ થયો છું. તમે તો સાવ સાધારણ લાગો છો.’ રામકૃષ્ણએ કહ્યું, ‘તમારી વાત સાચી છે. હું સાવ સાધારણ માણસ છું. બોલો, હું તમારી શું સેવા કરી શકું?’ યોગીએ કહ્યું, ‘મારે કોઈ સેવા નથી જોઈતી. મને એક સવાલનો જવાબ આપો. તમારા આટલા બધા અનુયાયીઓ શું કામ છે? તમારામાં એવું ખાસ તો કશું જ નથી. બોલો, તમે પાણી પર ચાલી શકો છો? હું ચાલી શકું છું.’

રામકૃષ્ણએ કહ્યું, ‘તમે થાકેલા છો. થોડીવાર આરામ કરી લો. પછી તમારે પાણી પર ચાલવું હોય, તો ચાલજો. પણ મને એ કહો કે પાણી પર ચાલવાનું શીખવામાં તમને કેટલા વર્ષો લાગ્યા?’ યોગીએ કહ્યું, ‘વીસ વર્ષ.’ રામકૃષ્ણએ કહ્યું, ‘તમે એ વીસ વર્ષ અકારણ બરબાદ કરી નાંખ્યા. સૌથી પહેલા તો, પાણી પર ચાલવાની જરૂર શું છે? મારે અહીંથી નદીના સામા કાંઠે જવું હોય, તો બે પૈસામાં હોડી મને સામે કાંઠે ઉતારી જાય. જો કે મારેતો બે પૈસા પણ ખર્ચવા નથી પડતા. અહીં લોકો મને એટલો પ્રેમ અને આદર આપે છે કે મને પોતાની હોડીમાં બેસાડવા માટે તેઓ અંદરોઅંદર લડી પડે છે. તેઓ મને કહે છે કે અમારી હોડીમાં બેઠા પછી પૈસાની વાત નહીં કરવાની. ગંગા પાર કરતી વખતે તમારો સાથ મળ્યો, એ જ અમારા માટે સૌથી મોટા આશીર્વાદ છે.’ પછી રામકૃષ્ણએ કહ્યું, ‘તો જે નદી પાર કરવામાં ફક્ત બે પૈસા લાગે છે, એમાં તમે જીવનના વીસ વર્ષ ગુમાવી દીધા. આવું શું કામ કર્યું?’

આ સાંભળીને યોગી સ્તબ્ધ થઈ ગયા. તેમને ખૂબ મોટો આઘાત લાગ્યો પણ સાથે તેમને રિયલાઈઝ પણ થયું કે રામકૃષ્ણની વાત સાચી હતી. તેઓ વિચારવા લાગ્યા, ‘પાણી પર ચાલવાનો ફાયદો શું?મેં શું કામ આટલી સાધના કરી? ફક્ત એક શો-મેન બનવા માટે? લોકોને એ બતાવવા માટે કે હું કેટલો મહાન છું? વાહવાહી મેળવવા માટે, મેં જીવનના વીસ વર્ષ વેડફી નાંખ્યા!’

એ જ સવાલ હવે આપણે જાતને પૂછવાનો છે. આપણી પાસે એવી કઇ ઉપલબ્ધિ છે, જે ફક્ત અન્યને બતાવવા માટે આપણે મેળવી છે? સોશિયલ મીડિયા પર રીલ બનાવવા કે પોસ્ટ મૂકવા માટે, ક્યાંક આપણે પાણી પર ચાલવાનું તો શીખી નથી ગયા ને? આપણા જીવનમાં એવી કઇ પ્રવૃત્તિ છે, જે ફક્ત આપણે વાહવાહી કે ઓળખ મેળવવા માટે કરીએ છીએ? આ સવાલના જવાબ જાણવા જરૂરી છે કારણકે ‘શો-મેનશીપ’ આપણને અંત:કરણ, પ્રકૃતિ અને આપણા મૂળ સ્વભાવથી દૂર લઈ જાય છે.

કોઇને ઈમ્પ્રેસ કરી દેવાના પ્રયત્નો કરવા માટે, આ જિંદગી બહુ ટૂંકી છે. ગૌતમ બુદ્ધે કહેલું એમ, ‘**Be**’ – Don’t try to become.’ આપણું આખું જીવન આ ‘હોવા’ અને ‘બનવા’ નામની બે ડાળીઓ વચ્ચે ઝુલતું રહે છે. આપણી ઉપલબ્ધિઓ પ્રસારીત અને મહાનતા પ્રસ્થાપિત કરવાના પ્રયત્નોમાં, જીવનના કેટલાય વર્ષો પસાર થઈ જાય છે. કશુંક બનવા કે દેખાડવાની મથામણમાં, જે સૌથી મહત્વની ઘટના આપણે ચૂકી જઈએ છીએ એ છે ‘આપણું હોવું’. આ વર્તમન ક્ષણમાં રહેલું જીવન ફક્ત એ જ સજીવો માટે ઉપલબ્ધ રહે છે, જેમની પાસે કોઈ જ ઉપલબ્ધિ નથી. એવા સજીવો જેઓ ‘કશું જ નથી’. જગતને બતાવવા જેમની પાસે કોઈ પદવી, પુરસ્કાર કે પ્રમાણપત્ર નથી. પોતે ‘કશુંક’ છે, એવું જતાવવા માટે જેમની પાસે કોઈ પુરાવા નથી. રામદાસે કહ્યું છે એમ, “The game is not about becoming somebody, it's about becoming nobody.”

આંખના પલકારામાં સમાપ્ત થઈ જનારા આ જીવનને પૂરી સમગ્રતાથી એ જ સજીવો માણી શકે છે, જેમની પાસે ‘શો-ઓફ’ કરવા જેવું કશું જ નથી. ધૂળમાં રમતું બાળક, અડાબીડ ઉગેલું ઘાસ, કોઈ જંગલી ફૂલ, માલિકને જોઈને પૂછડી હલાવતો કૂતરો, પશુ, પક્ષી, વૃક્ષપર્વતો અને નદીઓ. આ સમગ્ર અસ્તિત્વની સૌથી સુંદર અને પ્રાકૃતિક કહી શકાય એવી દરેકઘટના, સ્વ-પ્રશસ્તિની ઘેલછા વગર જ આકાર લેતી હોય છે. ધારો કે પાણી પર ચાલતા શીખી ય લીધું, તો પણ આ ભવસાગર પાર કરવા માટે તો હોડીમાં જ બેસવું પડે છે. એવી હોડી, જે ઘમંડ કે આત્મશ્ર્લધાના ભારથી ડૂબી જતી હોય છે. એ હોડીમાં ફક્ત ‘નો-બડી’ને જ પ્રવેશ હોય છે. એમાં ‘સમબડી’ માટે જગ્યા નથી હોતી. આ પૃથ્વી પર આપણી ઔકાત કોઈ અજાણ્યા સમુદ્ર ના ઉછળતા મોજા વચ્ચે આમ થી તેમ ફંગોળાઈ રહેલા એક બોટલના બુચ જેટલી છે. આપણને આજીવન એવો ભ્રમ રહ્યા કરે છે કે આપણે આ મોજાને કાબુમાં કરી લેશું પણ હકીકતમાં આપણી ગતિ, નિયતિના પ્રવાહો નક્કી કરે છે. (કેન્સર સામે ઝઝૂમતા ઈરફાનખાન ના શબ્દો)

**-ડૉ. નિમિત્ત ઓઝા.**

વિશ્વાસ, નિષ્ઠા, સંઘબળ અને પારદર્શક વહિવટ એ ચાર પાયા મજબૂત હોય તો સંસ્થા પ્રગતિ કરે અને સધ્ધર થાય. તમે સૌ સભ્યોએ મારામાં વિશ્વાસ મુક્યો અને મને સેવા કરવાની તક આપી તે બદલ તમારો સૌનો ઋણી છુ, ક્યારેક રુક્ષ થયો હોય તો ક્ષમ્ય ગણશો.

ગુજરાતી સમાજ ઉત્તરોત્તર નવા સોપાન સર કરે તેવી શુભેચ્છા. આપણા સમાજ ના દરેક સભ્ય આર્થિક, શારિરીક અને આધ્યાત્મિક ઉન્નતિ હાંસલ કરે તેવી અભ્યર્થના.

શુભમ ભવતુ!

આપ સૌનો હિતચિંતક - કૌશિક કંસારા





આપણા સભ્ય સુશ્રી ભાનુમતીબેન પટેલની ૯૦મી વર્ષગાંઠ. તેમના સુપુત્રી અને આપણા સભ્ય સુશ્રી હર્ષિલાબેન પટેલ, તેમના વતી અતિથિ વિશેષ સુશ્રી જેસિકા ફ્કુઆંગના શુભ હસ્તે સર્ટિફીકેટ સ્વિકારતા

૮૦ વર્ષ ના સભ્યોનું બહુમાન - આદરણીય સભ્ય શ્રી અમરસિંહ રાઠોડને શાલ ઓઢાડી બહુમાન કરતા શ્રી કિરીટભાઈ ઠાકર.















લગ્નની સુવર્ણ જયંતીની ઉજવણી કરનારા સભ્યોને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુશ્રી ભારતીબેન તથા શ્રી નયનભાઇ મિસ્ત્રી, સુશ્રી ભારતીબેન તથા શ્રી રાજેન્દ્રભાઇ શાહ, સુશ્રી વિધ્યાબેન તથા શ્રી તુલસીભાઇ પટેલ, સુશ્રી સ્મિતાબેન તથા શ્રી અનિલભાઇ દેસાઇ , સુશ્રી સવિતાદેવી તથા શ્રી ઇશ્વરભાઇ લાલ, સુશ્રી દમયંતિબેન તથા શ્રી સુરેશભાઇ ચૌહાણ






ઑકલેન્ડ ફાગ મહોત્સવમાં ભાગ લેવા બદલ - સુશ્રી ભગવતીબેન ને સર્ટિફીકેટ
એનાયત કરતા પ્રમુખ શ્રી કીરીટભાઇ ઠાકર, સુશ્રી કોકિલાબેન દવેને સર્ટિફીકેટ
એનાયત કરતા સુશ્રી રશ્મિકાબેન પટેલ.








શ્રી જયેશભાઈ બટેરીવાલા નું બહુમાન કરતા પ્રમુખ શ્રી કીરીટભાઈ ઠાકર.

શ્રી જયેશભાઇ બટેરીવાલા નું નાટક "પીંજરાની પેલે પાર" માણતા ગુજરાતી સમાજના સભ્ય ભાઈબહેનો.





મહાત્મા ગાંધી સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં સભ્ય ભાઇબહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો.



ઑડીટેડ વાર્ષિક હિસાબ બજેટની રજૂઆત કરતા ખજાનચી શ્રી મહેન્દ્રભાઇ પટેલ.



ખલિલ ધનતેજવી સાહેબના શેર રજુ કરતા પ્રમુખ



ગુજરાત સ્થાપના દિન નિમિત્તે કવિશ્રી નર્મદ નું ગીત "યશગાથા ગજરાતની" શ્રીવિનોદભાઈ સાંગાણી તથા સાથી કલાકારો.



ઉપપ્રમુખ સુશ્રી અંજનાબેન ટેલર - "ગુજરાતની ભાઈ ના થાય વાત" ગીત ગાયું.



સુશ્રી હેમાંગિનીબેન તથા શ્રી સુરેશભાઇ ત્રીવેદી - ગીત પર નૃત્ય કરતા.



શ્રી કૌશિકભાઇ સોની - ગુજ્રાતી ગઝલની રજૂઆત.



સુશ્રી પ્રજ્ઞાબેનત્રીવેદીના કંઠે બોલીવુડનું સદાબહાર ગીત.




સુશ્રી કોકિલાબેન તથા શ્રી અનિલભાઈ પટેલ નું બહુમાન - શ્રી નરહરીભાઈ પટેલ તથા શ્રી કીરીટભાઈ ઠાકર.











મહેમાન વક્તા શ્રી બલજીત સીંધજી નું બહુમાન - તેઓશ્રીએ આપણા સભ્યોને હયાતીનો દાખલો પૅન્શન ઓફીસ મોકલી આપી પ્રશંશનીય સેવા આપી.





સુશ્રી સુધાબેન મહેતા, શ્રી ચુનીભાઈ મહેતા, સુશ્રી જયશ્રીબેન તથા શ્રી કૌશિકભાઈ કંસારા દ્વારા રમૂજી નાટક રજૂ કરી સભ્યો ને ખૂબ હસાવ્યા.





શ્રી ધનસુખભાઈના કંઠે બોલીવુડના સદાબહાર ગીત.



સુશ્રી વિણાબેન ધાના એ તેમના સૂરીલા કંઠે ગીતો ગાઈ સૌને ખુશ કરી દીધા.



હાલમાં ઑકલેન્ડ ઈન્ડીયન એસોશિએશનના અગ્રણી સભ્ય, દરજી સમાજના માજી પ્રમુખ શ્રી અશોકભાઈ ધાયવાલા તથા દરજી સમાજના વર્તમાન પ્રમુખ શ્રી ચિરાગભાઈ ટેલર આપણા આમંત્રણને માન આપી આપણા મહેમાન થઈ પધાર્યા.



સુશ્રી જશવંતીબેન પટેલ - સ્વાતંત્રદિન ની ઉજવણી - દેશભક્તિનું ગીત પ્રસ્તુત કરતા.





ઝિમ્બાબવેના આપણા સભ્યોની બહેનોએ બોલીવુડના ગીતો પર ડાન્સ કર્યો.
નાનકડી બાળાઓએ સુંદર નૃત્ય કરી સભ્યોને અચંબિત કર્યાં.





ડૉ. નિલીમાબેન ઉપાધ્યાય તથા તેઓના વૃંદ દ્વારા આપણા સોળ સંસ્કાર
- ગર્ભાધાન થી અંત્યેષ્ટી જેવી જટીલ કથાવસ્તુ પર નૃત્ય નાટિકા રજૂ કરી સૌને દંગ કરી દીધા.



આજનો સુવિચાર રજૂ કરતા સુશ્રી ભાવનાબેન સોની




શારીરિક કાળજી માટે રોજબરોજના નુસ્ખા આપતા શ્રી કિશોરભાઈ દેસાઈ.



હેલ્થટીપ્સ- સુશ્રી સુધાબેન રાઠોડ.







અતિથિ વિશેષ - એથેનિક રીસ્પોન્સિવનેસ મેનેજર સુશ્રી જેસિકા ફ્રુઆંગ નું બહુમાન. મહાત્મા ગાંધીના અહિંસાના સિધ્ધાંત, ઘરેલુ હિંસા તથા એલ્ડર્સ એબ્યુસ જેવા વિષય પર તેમણે સભ્યોને સંબોધન કર્યું.







ડૉ. બાર્ટ રશ્ટન તથા તેમના સહકાર્યકરનું પુષ્પગુચ્છ આપી બહુમાન કરતા શ્રી નયનભાઇ મિસ્ત્રી.

આપણી સભાની ફોટોગ્રાફી કરવા બદલ શ્રી માધવભાઈ પ્રધાનનું અભિવાદન કરતા પ્રમુખ શ્રી કિરીટભાઈ ઠાકર.







શ્રી જસુભાઈ પટેલ રક્ષાબંધનનું સુરીલું ગીત - પ્રજાતંત્ર દિવસની ઉજવણી પર દેશભક્તિ અને શૌર્યગીત.

સુશ્રી શોભનાબેન તથા શ્રી વિનોદભાઈ સાંગાણી - કૃષ્ણ ભજન ની પ્રસ્તુતી.







શ્રી કૃષ્ણજન્મ ની વધામણી - નૃત્ય પ્રસ્તુતી - સુશ્રી રશ્મિકાબેન પટેલ તથા વૃંદ.







શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતાની સૂરાવલી. શ્રી ધર્મેન્દ્રભાઈ ના કંઠે ભજન.

સભ્ય બહેનો દ્વારા પ્રાર્થના તથા સુવિચાર







શ્રી મહેશભાઈ પટેલનું ગ્રુપ - દેશભક્તીના ગીત પર નૃત્ય

શ્રી દિનેશભાઈ શેઠે ગીત રજૂ કર્યું.



ભોજનમંત્ર ગાતા શ્રી પ્રભુભાઈ પટેલ.



ભોજનનો રસાસ્વાદ માણતા સભ્ય ભાઈબહેનો.



કોવિડ પ્રોટોકોલનું પાલન - જાન્યુઆરી ૨૦૨૨ વર્ષની પહેલી મિટિંગ.







શ્રી સુરેશભાઈ ત્રીવેદી તથા સાથીઓની પ્રસ્તુતી.







હોલ સજાવટ કરતા કમિટી મેમ્બર્સ તથા વોલેન્ટર્સ













વેન્ડરહોમ રીજીયોનલ પાર્ક પિકનિક - આનંદ માણતા સભ્યો.

એપ્રિલમાં માટાકાના પિકનિકમાં સભ્યોએ ખુબ મજા માણી.













પિકનિક તથા ભોજન નો આણંદ માણતા સભ્યો







શાંતિનિવાસના સુશ્રી નિલિમાજી વેંકટ.. અતિથિવિશેષ નું સ્વાગત કરતા પ્રમુખ શ્રી કિરીટભાઇ







સભ્ય બહેનોનું ભાવવાહી નૃત્ય સુશ્રી કીર્તિદાબેન જોશી ની કોરીઓગ્રાફી અને દીગ્દર્શન હેઠળ.





મનોરંજન કમિટિના કન્વિનર સુશ્રી રશ્મિકાબેન ની અમૂલ્ય સેવા બદલ તેમને શિલ્ડ એનાયત કરતા ઊપપ્રમુખ સુશ્રી અંજનાબેન ટેલર તથા એક્ઝિક્યુટીવ  કમિટિના સભ્ય સુશ્રી કોકીલાબેન દવે.

શ્રી દિલીપભાઈ ઠક્કર - સદાબહાર બોલીવુડ ગીત.





સભા ને સંબોધન કરતા કમિટી સભ્યો





સભ્ય ભાઈબહેનોએ ઊત્સાહભેર ગરબા ગાયા. આરતી કરી સૌએ મહપ્રસાદ ગ્રહણ કર્યો.





સભ્યો ના જન્મદિવસ ની ઉજવણી











ગુજરાતી સમાજના સભ્યો માટે બહુચર્ચિત ફિલ્મ "ધ કાશ્મીર ફાઈલ્સ" નો એક શૉ યોજ્યો.
આ ફિલ્મ નિહાળતા સભ્યો.

આપણા સભ્યોની વસમી વિદાય - તેઓ શ્રીને શ્રધ્ધાસુમન. ઈશ્વર તેમના ચરણમાં સ્થાન આપે. તેમને આપણી શ્રધ્ધાંજલી. તેમના કુટુંબીજનો પ્રત્યે આપણી સહાનુભૂતી.



સુશ્રી જયશ્રીબેન જીતેન્દ્રભાઈ શાહ.



સુશ્રી ભગવતીબેન પુરૂષોત્તમભાઈ ટેલર

## કવિતા

,
, ,
,
... ,
, ,

... ...
, ,
, ...
... ,
,
, ...
... ,
, ,

... ...
,‘ ’ ,
,
... ...
....

- અજ્ઞાત

### આપણી સંસ્થા ના ગ્રાન્ટ પ્રોવાઇડર્સ નો વિશેષ આભાર

Lottery Grants Board
Te Puna Tahua
LOTTO FUNDS FOR YOUR COMMUNITY

.
THE TRUSTS
Community
FOUNDATION

Whau
Local Board
Auckland Council

Waitematā
Local Board
Auckland Council